# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રીએ UPI સેવાની દાયકા લાંબી સફળતાની પ્રશંસા કરી.
2. સરહદ પર શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા અજીત ડોભાલ અને ચીનના ઉપ-રાષ્ટ્રપતિ વચ્ચે ચર્ચા.
3. કેન્દ્ર સરકારે વેરા મુક્ત આયાતી કાચી ખાંડના પ્રોસેસિંગ અને વેચાણ માટેની સમય મર્યાદામાં સુધારો કર્યો.
4. રોકાણ અને વ્યવસાયિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવા કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયેલે જાપનના અગ્રણી ઉદ્યોગજૂથોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી.
5. અમેરિકાના ઇરાન સામે આર્થિક પ્રતિબંધો - ઇરાને કહ્યું, બે વર્ષ સુધી પ્રતિબંધોનો સામનો કરવાની યોજના.
6. કોલંબો ટેસ્ટમાં ભારતના 503 રનના જુમલાને પહોંચવા માટે શ્રીલંકાનો સંઘર્ષ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# UPI - TEN YEARS (WITH V/C)

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ UPI સેવાને આજે 10 વર્ષ પૂર્ણ થયા. વર્ષ 2016માં આજના દિવસે આ સેવા શરૂ કરાઇ હતી. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ ડિજિટલ વિભાજનને દૂર કરીને, નાણાકીય સમાવેશને આગળ વધારીને અને ડિજિટલ નાણાકીય સેવાઓની ઍક્સેસને વિસ્તૃત કરીને, UPIએ દેશભરમાં વ્યક્તિઓ અને સમુદાયોને સશક્ત બનાવ્યા છે.

સાંભળીએ એક અહેવાલ.............

(V/C - DIPENDRA/ANAND)

# PM- UPI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસની યુપીઆઈ સેવાની દાયકા લાંબી સફળતાની પ્રશંસા કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ યુપીઆઈને ભારતની ડિજિટલ ચુકવણી યાત્રામાં એક મહત્વપૂર્ણ સફળતા તરીકે  ચિહ્નિત કર્યું. દેશવાસીઓને તેમના યુપીઆઈ અનુભવ રજૂ કરવા અપીલ કરતા તેમણે જણાવ્યું કે, યુપીઆઈનો વ્યાપક વિસ્તાર અને પહોંચ એવી બાબત છે જેના પર દરેક ભારતીયને ગર્વ થવો જોઈએ.

ગૃહમંત્રી અમિત શાહે પણ UPI ના 10 વર્ષ થવા અંગે તેને વિશ્વની સૌથી મોટી રીઅલ-ટાઈમ ચુકવણી પ્રણાલી ગણાવી હતી.

# NSA- CHINESE VP

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ભારત-ચીન સરહદ પ્રશ્ન પર વિશેષ પ્રતિનિધિ, અજિત ડોભાલે આજે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાના ઉપ-રાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, બેઇજિંગ ખાતેના ભારતીય દૂતાવાસે જણાવ્યું કે, આજે 25મા રાઉન્ડના ખાસ પ્રતિનિધિઓની વાટાઘાટો પહેલા, બંને પક્ષોએ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિને મજબૂત કરવા અંગે ચર્ચા કરી. તેમણે બંને દેશોના નેતાઓ વચ્ચે થયેલી સર્વસંમતિ અનુસાર આર્થિક, રાજકીય અને બહુપક્ષીય મંચ પર દ્વિપક્ષીય સંબંધોને સુધારવા માટે વધુ ચર્ચા કરી હતી.

# CENTRAL RAW SUGAR IMPORT RULES

કેન્દ્ર સરકારે વેરા મુક્ત આયાતી કાચી ખાંડના પ્રોસેસિંગ અને વેચાણ માટેની સમય મર્યાદામાં સુધારો કર્યો. આયાતકારો પાસે હવે બિલ ઓફ એન્ટ્રી ફાઇલ કર્યાની તારીખથી મહત્તમ બે મહિનાનો સમય હશે. જેમાં તેમણે કાચી ખાંડને રિફાઇન્ડ ખાંડમાં રૂપાંતરિત કરીને સ્થાનિક બજારમાં વેચવી પડશે. વિદેશ વેપાર મહાનિર્દેશાલયે ઓગસ્ટની શરૂઆતમાં સૂચિત નિયમોમાં સુધારો કર્યો છે, જેનાથી ટેરિફ રેટ ક્વોટા યોજના હેઠળ 10 લાખ ટન કાચી ખાંડની આયાત કરવાની મંજૂરી મળી હતી.

અગાઉ, આ યોજના હેઠળ આયાત કરાયેલી કાચી ખાંડને 31 ઓક્ટોબર સુધીમાં રિફાઇન્ડ ખાંડમાં પ્રોસેસ કરીને સ્થાનિક બજારમાં વેચવાની હતી.

સરકારનો આ નિર્ણય ઓગસ્ટ અને નવેમ્બર વચ્ચે આગામી તહેવારોની મોસમ પહેલા સ્થાનિક બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા અને ભાવોને ઘટાડવાના પ્રયાસોના ભાગ રૂપે આવ્યો છે.

# RIJIJU ARTICLE

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સંસદમાં વારંવાર વિક્ષેપ પાડવા બદલ વિપક્ષોની ટીકા કરતા કહ્યું કે, બંધારણ તેમને પ્રશ્નો પૂછવાનો, વિરોધ કરવાનો અને મતદાન કરવાનો અધિકાર આપે છે, પરંતુ તેમને સંસદમાં વિક્ષેપ પાડવાની મંજૂરી આપતું નથી.

એક અંગ્રેજી દૈનિકમાં લખેલા લેખમાં શ્રી રિજિજુએ કહ્યું કે, સંસદ ભારતના લોકોની છે, રાજકીય પક્ષોની નહીં. તેમણે મુખ્ય કાયદાઓ પર ચર્ચા સહિત સરકારના જોડાણના ઉદાહરણો અંગે પણ જણાવ્યું. આ સાથે તેમણે વિપક્ષી નેતાઓ પર માળખાગત ચર્ચા માટે વાસ્તવિક પ્રસ્તાવને નકારવાનો આરોપ મૂક્યો.

# PIYUSH GOYAL - JAPAN VISIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જાપાનની અગ્રણી નાણાકીય અને રોકાણ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. આ ચર્ચાઓ મૂડી પ્રવાહ અને રોકાણ ભાગીદારીને મજબૂત બનાવવા અને ભારતની વિકાસ યાત્રામાં જાપાની ભાગીદારી વધારવા પર કેન્દ્રિત હતી.

મિત્સુબિશી UFJ ફાઇનાન્શિયલ ગ્રુપ, ડેવલપમેન્ટ બેંક ઓફ જાપાન, મિઝુહો, મોર્ગન સ્ટેનલી, નોમુરા અને નિપ્પોન લાઇફના વરિષ્ઠ પ્રતિનિધિઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભારતની આર્થિક સંભાવનાઓ, ઉભરતી રોકાણ તકો અને જાપાની સંસ્થાકીય રોકાણને વધુ સરળ બનાવવા માટે મંતવ્યોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

# NIRMALA SITHARAMAN

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે દિલ્લીમાં બ્રિટિશ વર્જિન ટાપુઓના પ્રીમિયર અને નાણામંત્રી નતાલિયો ડી. વ્હીટલી સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ નાણાકીય સેવાઓ, ડિજિટલ પરિવર્તન, રોકાણ પ્રમોશન અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની શક્યતાઓ પર ચર્ચા કરી.

નાણામંત્રાલયે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું કે, નતાલિયો વ્હીટલી નાણાકીય સેવાઓ નિષ્ણાતોના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે અને ભારતની તેમની મુલાકાત દરમિયાન તેઓ નવી દિલ્હી, ગિફ્ટ સિટી, મુંબઈ અને બેંગલુરુની મુલાકાત લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WB CAA

કેન્દ્રએ પશ્ચિમ બંગાળ સરકારને નાગરિકતા સુધારા કાયદા (CAA) હેઠળ સુનાવણી હાથ ધરવા અને પાત્ર અરજદારોને નાગરિકતા પ્રમાણપત્રો આપવાનો અધિકાર આપ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંદર્ભમાં ગેઝેટ સૂચના બહાર પાડી છે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં લગભગ બે લાખ 30 હજાર અરજદારોમાંથી 23 હજાર લોકોને પાત્ર ગણવામાં આવ્યા છે અને તેમને નાગરિકતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પડતર અરજીઓ પર ઝડપથી પ્રક્રિયા કરાશે અને પ્રમાણપત્રો સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સોંપવામાં આવશે.

મુખ્યમંત્રીએ ધાર્મિક અત્યાચારને કારણે બાંગ્લાદેશથી ભાગી ગયેલા લોકોને CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવા વિનંતી કરી છે.

# IRAN-USA

અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ઈરાન સામે એક મોટી આર્થિક ઝુંબેશની જાહેરાત કરી છે. તેમણે ચેતવણી આપતા જણાવ્યું કે, જે લોકો ઈરાન સાથે જોડાશે તેમને પણ પરિણામ ભોગવવા પડશે.

અમેરિકાએ તેના આર્થિક બહિષ્કાર અભિયાનના ભાગ રૂપે ઈરાનની લશ્કરી પ્રવૃત્તિઓ, પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ વેપાર સાથે કથિત જોડાણો બદલ લગભગ 60 સંસ્થાઓ, વ્યક્તિઓ અને જહાજો પર પ્રતિબંધો લાદ્યા છે.

અમેરિકન વિદેશ વિભાગના જણાવ્યા મુજબ આ પગલાંનો હેતુ એવા વ્યક્તિઓ અને સંસ્થાઓનો ખુલ્લા પાડવાનો છે, જે અમેરિકન દળો અને સાથીઓ પર હુમલાઓ કરે છે અને ઈરાની શાસન દ્વારા તેના પડોશીઓ પર હુમલો કરવા, આતંકવાદને ટેકો આપવા, અને વૈશ્વિક અર્થતંત્રને બંધક બનાવવા માટે ઉપયોગમાં લેવાતી આવકને મર્યાદિત કરવાનો છે.

# IRAN US ECONOMY

દરમિયાન ઈરાને કહ્યું કે, તેની પાસે વિસ્તૃત અમેરિકન પ્રતિબંધોનો સામનો કરવા માટે બે વર્ષની યોજના છે. ઈરાનના અર્થતંત્ર મંત્રીએ કહ્યું કે, તેમનો દેશ આ પગલાં માટે તૈયાર છે અને તેની પાસે જવાબ આપવાના સાધનો છે.

ઈરાને ચેતવણી આપી છે કે, તે આ પ્રદેશમાંથી તેલ નિકાસ અટકાવી શકે છે અને વૈશ્વિક ઉર્જા પુરવઠા માટે એક મહત્વપૂર્ણ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગને પ્રતિબંધિત કરી શકે છે.

# TEST MATCH

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઇ રહેલી કોલંબો ટેસ્ટમાં ભારતના 503 રનના જુમલાને પહોંચી વળવા શ્રીલંકા સંઘર્ષ કરી રહ્યું છે.

ગઇકાલના બે વિકેટે આઠ રનથી આગળ રમતા શ્રીલંકાની ચોથી વિકેટ માટે સૂર્યાબંડારા અને મેન્ડિસ વચ્ચે 87 રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઇ હતી. જોકે મેન્ડિસને 32 રન પર પ્રસિધ્ધ કૃષ્ણાએ આઉટ કર્યો હતો.

છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે શ્રીલંકાએ 4 વિકેટ ગુમાવીને 130 રન કર્યા હતા. આજે રમતનો ત્રીજો દિવસ છે.

# STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો સામાન્ય ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 130 પોઈન્ટ જ્યારે નિફ્ટી 60થી વધુ પોઈન્ટ ઘટીને કારોબાર કરી રહ્યો છે.

ક્ષેત્રીય મોરચે, મેટલ, આઈટી અને ઓટો સૌથી વધુ ઘટ્યાં હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન, પીએસયુ બેંક અને મીડિયાના શેરોમાં તેજી હતી.